# ન્યુ વાવોલમાં તસ્કરોનો તરખાટ : ૭ મકાનના તાળા તુટ્યા

## સમર્પણ સોસાયટીમાં છ મકાન અને અક્ષરવિલાના એક મકાનનો સમાવેશ

ગાંધીનગર, તા.૧૬ શહેરના ન્યું વાવોલ વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. ન્યુ વાવોલ વિસ્તારમાં એક સાથે ૭ બંધ મકાનના તાળા તુટ્યા છે. વાવોલ-ઉવારસદ માર્ગ પર આવેલી સમર્પણ સોસાયટીના ૬ અને અક્ષરવિલાના ૧ મકાનનો સમાવેશ થાય છે. શિયાળામાં રાત્રીના સુમારે નાગરીકો ભર નીંદરમાં હતા, ત્યારે સવારના સુમારે ચોર ટોળકી ત્રાટકી હતી. ચોર ઈસમો સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ, કેમેરો, વોચ સહિતની ચીજવસ્તુની ચોરી કરી લઈ ગયા છે. બનાવની જાણ પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને તપાસ શરુ કરી હતી.

શહેરમાં ચોર મચાવે શોર જેવો ઘાટ ઘડાયો છે. શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરોનો ત્રાસ વધી ગયો છે. ચોર ટોળકી એક પછી એક ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતી હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં વાસણા હડમતીયા વિસ્તારમાં એક ફલેટના ત્રણ થી ચાર મકાનના તાળા તુટ્યા હતા. ચોર ટોળકીને પોલીસનો ડર ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેર નજીક આવેલા ન્યું વાવોલ વિસ્તારમાં ઉવારસદ તરફના માર્ગ પર ગરનાળા પાસે આવેલ સમર્પણ સોસાયટી માં એક સાથે ૬ મકાન તાળા તુટ્યા હતા. આ બધા મકાનમાં રહેતા નાગરીકો લગ્ન કે ધાર્મિક પ્રસંગે બહાર ગયા હતા અને બે ત્રણ દિવસથી બંધ હતા તેવા મકાનને નિશાચરોએ નિશાન બનાવ્યા છે. સમર્પણ સોસાયટીના બે મકાનમાંથી ચોર ઈસમો ચાંદીની ચીજવસ્તુઓ અને રોકડ રકમ હાથ લાગી છે.જયારે અન્ય મકાનમાંથી ખાસ કોઈ ચીજવસ્તુની ચોરી થવા પામી નથી. જયારે અક્ષરવિલામાંથી મકાનમાંથી બે કેમેરા, ૧ ઘડીયાળ, ૨૦ હજાર રોકડા રૂપીયા, ૭૦ પાઉન્ડ અને સોનાની બુટીની ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. એક સાથે સાત મકાનના તાળા તુટતા ન્યું વાવોલ વિસ્તારમાં રહેતા વસાહતીઓમાં ભય ફેલાયો છે. બનાવની જાણ પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. પરંતુ ચોરી અંગે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.








## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




માં, આ લોકો આવડી બધી દિવાલ ચણવા કરતા... આપણી ફાટેલી ચડ્ડી સાધી દે તો સહેલું ન પડે..?!!

## છાલા ગામમાં પુલવામામાં શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

૧૪મી ફેબ્રુઆરી-૨૦૧૯ના રોજ જન્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકવાદી હુમલામાં સી.આર.પી.એફ. શહીદ થયેલા સૈનિકોની યાદમાં શહીદોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ છાલા ગામમાં નવાઘર વિસ્તારના યુવક મંડળ દ્વારા યોજાયો હતો. આ કાર્યક્રમમાં શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે ગામના આગેવાનો તથા દેશભક્ત ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્ડલલાઈટ અને પુષ્પ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સાથે સાથે શહીદો અમર રહો, વંદે માતરમના નારા સાથે સમગ્ર પરિસર દેશભક્તિના નાદથી ગુંજી ઉઠ્યું હતું.



## ગાંધીનગરની ત્રણ યુવતિઓએ વાડોકાઈ કરાટેમાં બ્લેક બેલ્ટ મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૬ ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત શાખા દ્વારા ગત ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૦નાં રોજ એક વિદ્યાર્થીનીને બ્લેક બેલ્ટ દ્વિતીય ડીગ્રી (નીદાન) તથા બે વિદ્યાર્થીનીઓને બ્લેક બેલ્ટની પ્રથમ ડીગ્રી (શો-દાન)ની પદવી એનાયત કરવામાં આવી હતી. ગાંધીનગર સ્થિત એસોસીએશનની ગુજરાત શાખાના મુખ્યાલય ખાતે એસોસીએશનનાં કો-ચેરમેન અને ભારતનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે કુ. લિપ્સી ભટ્ટને બ્લેક બેલ્ટ નીદાન અને કુ. અનેરી પટેલ તથા કુ. દિશા સરીનને બ્લેક બેલ્ટ શોદાનની પદવી એનાયત કરવામાં આવી હતી.

બ્લેક બેલ્ટ મેળવ્યા બાદ ૯ વર્ષ સુધીનો અભ્યાસક્રમ છે. હવે ગાંધીનગરમાં બ્લેક બેલ્ટ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશિક્ષણની વ્યવસ્થા ગોઠવી તેમના ઉચ્ચ અભ્યાસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગાંધીનગરની આ ત્રણેય વિદ્યાર્થીનીઓ રેન્શી શ્રી ગૌરાંગભાઈ રાણા પાસે ૮ વર્ષ કરતાં વધારે સમયથી કરાટેનું સઘન પ્રશિક્ષણ લઈ રહી છે. બ્લેક બેલ્ટની પરીક્ષામાં ઉત્તિર્ણ થવા બદલ સમગ્ર વાડોકાઈ પરિવારે તેમને અભિનંદ પાઠવ્યા છે.




## ખૂણેખાંચરેથી

- ઘ-૪ના સર્કલ પાસે ચાલી રહેલા અન્ડરબ્રીજના કામને લઈ સે. ૧૭ના રીંગરોડ પર વધેલા ટ્રાફિકના ભારણને લઈ જિલ્લા પંચાયત નજીક એક કપિરાજનું વાહનની ટક્કરમાં મોત થયુ છે. આ મૃત વાનરને જિલ્લા પંચાયત નજીક સન્માનપૂર્વક અંતિમવિધિ ત્યાંના વેપારીઓ દ્વારા કરવામાં આવી હતી.
- મહાત્મા મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય પરિષદના આયોજનને પગલે ઘ-૫ થી ૧૭-૨૨ વચ્ચે વિકસેલ કોમર્શીયલ વિસ્તાર માટેનો આટલો માર્ગ નો પાર્કિંગ ઝોન બનાવાતા વાહનોના પાર્કિંગની સમસ્યા સે. ૨૨માં વધી જવા પામી છે.
- CHS-COP-2020નો શુભારંભ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સ પર સંબોધન કર્યા બાદ થશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત આવેલ બળવંતરાય મહેતા પંચાયત પરિષદ નજીક પેયજળની એક પરબ શરૂ કરવામાં આવી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા થયેલી મિલ્કતોની આકારણી અંગેની જાણ લોકોને પબ્લીક એડ્રેસ સિસ્ટમથી કરી લોકોને વાંધા-સૂચનો આપવા જણાવાયુ.
- ગુજરાતના જાણીતા કથાકાર પૂ. રમેશભાઈ ઓઝા આજે ગાંધીનગરના અતિથી બન્યા હતા. તેઓ રાજ્ય ગૃહમંત્રીના દિકરાના લગ્નમાં હાજરી આપવા આવ્યા હતા. તેઓ સે. ૪ ખાતે ભાગ્યેશ જહાના ઘરે પણ ગયા હતા.

# માત્ર અમેરિકા નહીં, વિશ્વના ૧૯૦ દેશો પૈકી ૧૨૯ દેશોમાં એક કરોડ ગુજરાતીઓ વસે છે

## ડોલાન્ડ ટ્રમ્પને ગુજરાતની જનતા ૨૪ ફેબ્રુઆરીએ 'કેમ છો મિસ્ટર પ્રેસિડેન્ટ' કહેશે

પશ્ચિમ ભારતમાં આવેલું ગુજરાત રાજ્ય જે વ્યક્તિઓની માતૃભૂમિ છે, તેવા લોકોને ગુજરાતી કહેવામાં આવે છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો જે લોકો ગુજરાતી ભાષા બોલે છે, તેમને ગુજરાતી કહેવામાં આવે છે. ગુજરાતી લોકો પોતાની રહેણી કરણી, ભાષા, ખોરાક, રીત-રિવાજો, વગેરેને કારણે અલગ તરી આવે છે. ગુજરાતીઓ સામાન્ય રીતે મળતાવડા અને પોતાની સંસ્કૃતિને વળગી રહેનારા લોકો છે, અને તેમનો ખોરાક તેઓ ક્યારેય બદલી શકતા ન હોવાથી, પ્રચલિત ઉક્તિ છે કે, જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.

અરદેશર ખબરદાર લખે છે કે –
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!

પ્રસિદ્ધ ગુજરાતીઓમાં સરદાર વલ્લભભાઈ પટેલ, મોહનદાસ ગાંધી, શ્યામજી કૃષ્ણ વર્મા, ધીરૂભાઈ અંબાણી, સ્વામી દયાનંદ સરસ્વતી, વિક્રમ સારાભાઈ, સુનીતા વિલિયમ્સ તથા ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભારતના હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે.

**ગુજરાતમાં વસતા ૯૪ ટકા લોકો હિન્દુ છે...**

ગુજરાતી લોકો ભારતીય ઉપખંડનાં પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યમાં રહે છે. ઘણા ગુજરાતીઓ ભારતનાં અન્ય રાજ્યો જેવાકે રાજસ્થાન, મહારાષ્ટ્ર, અને મધ્યપ્રદેશ તેમજ રાજધાની દિલ્હી ઉપરાન્ત કેન્દ્ર શાસિત દમણ અને દીવ, દાદરા નગર હવેલીમાં પણ વસવાટ કરે છે. વધુમાં ગુજરાતી ભાષા કચ્છી પ્રજા દ્વારા તેમજ પારસી લોકો - જેમણે સમગ્ર ભારતમાં ગુજરાતને પોતાનું વતન બનાવ્યું છે - દ્વારા પણ બોલવામાં આવે છે. અમદાવાદને ગુજરાતનું આર્થિક પાટનગર, જ્યારે વડોદરાને ગુજરાતનું સાંસ્કૃતિક પાટનગર કહેવામાં આવે છે. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે. ગુજરાતના લોકો મુખ્યત્વે હિંદુ (હિંદુ, શીખ, જૈન, બુદ્ધ - ૯૪%) ધર્મ પાળે છે. ભારતનાં બીજા શહેરોમાં પણ ઘણા પ્રમાણમાં ગુજરાતીઓ રહે છે.

**ગુજરાતીઓ ક્યાં નથી, અત્ર-તત્ર-સર્વત્ર...**

હિજરતી ગુજરાતી પ્રજા નોંધપાત્ર રીતે સમગ્ર વિશ્વમાં વસે છે. યુ.કે.માં 'અંગ્રેજી પૂર્વ આફ્રિકી એશિયાઈ' કોમ એ દેશનિકાલ થયેલી સૌથી મોટી ગુજરાતી વસ્તી છે. અન્ય ગુજરાતીઓની મોટી વસ્તી દક્ષિણ અને પૂર્વ આફ્રિકા માં રહે છે (ખાસ કરીને કેન્યા, ટાન્ઝાનિયા, યુગાન્ડા, દક્ષિણ આફ્રિકા, મડાગાસ્કર, મોઝામ્બીક-આ ભૂતપૂર્વ પોર્ટુગીઝ શાષિત કોલોનીની આઝાદી પછી ગુજરાતીઓ નોંધપાત્ર સંખ્યામાં પોર્ટુગલ સ્થાયી થયાં.) અને દક્ષિણ-પૂર્વ એશિયા (મ્યાનમાર, મલેશિયા). ઘણા ગુજરાતીઓ યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા પણ રહે છે. યુએસ સેન્સસ બ્યૂરોના જણાવ્યા પ્રમાણે આશરે ૨૦ ટકા ભારતીય અમેરિકનો ગુજરાતી છે. આંકડાઓ દર્શાવે છે કે અંદાજે ૨,૫૦,૦૦૦ લોકો કેનેડામાં ગુજરાતી બોલે છે. તેમાંના મોટા ભાગના લોકો ગ્રેટર ટૉરન્ટો વિસ્તારમાં રહે છે, જે ટોરોન્ટોને ઉત્તર અમેરિકામાં આવેલું સૌથી વધુ ગુજરાતી વસ્તીવાળુ શહેર છે. બ્રિટનના લંડન અને લિસેસ્ટરમાં બહોળા પ્રમાણમાં ગુજરાતીઓ વસે છે.

**ગુજરાતી ખોરાક દુનિયાભરમાં મશહૂર છે...**

ખાસ કરીને બહુમતી ધરાવતા હિંદુ અને જૈન ગુજરાતીઓ શાકાહારી છે. ગુજરાતીઓ પણ પારંપરીક ભારતીય ભોજન-શૈલીને અનુસરે છે. તેમાં ભાત, દાળ, રોટલી, શાક, છાસ અને મિઠાઈનો સમાવેશ થાય છે. ગુજરાતીઓ દ્વારા રોટલી વિવિધ પ્રકારથી બનાવવામાં આવે છે. જેમ કે રોટલી, ચપાતી, ભાખરી, પુરી, થેપલા, ઢેબરા, માલપુડા, પુરણ-પોળી, ઘારી, ખાખરા, વગેરે. પણ ગુજરાતી ભોજનમાં ફરસાણનું પણ ખૂબજ મહત્વ છે. જેમાં ખમણ, ઢોકળાં, પાણીપુરી, ઢોકળી, દાળ-ઢોકળી, ઊંધીયુ, ફાફડા, ચેવડો, સમોસા, પાપડી, મુઠીયા, ગાંઠીયા, ભજીયા, બટાકાવડા, પાતરા, ભુસું, સેવ-મમરા વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતી ખોરાક એ દુનિયાભરમાં મશહૂર છે, એવી રીતે ગુજરાતીઓનો પહેરવેશ પણ મશહૂર છે. ઘરેણા જેવા કે મંગળસુત્ર, હાર, નથ, કાનનાં ઝુમ્મર, બંગડીઓ તથા વિંટી, વિંટલા, કંદોરો જેવા તમામ ઘરેણાઓ ગુજરાતીઓ પહેરે છે. લગ્ન દરમ્યાન એક ગુજરાતી દુલ્હન ઘણાં બધા ઘરેણાં પહેરતી હોય છે, જે સામાન્ય હિંદુ લગ્નમાં આમ વાત છે. પુરૂષો ચેઈન અને વિંટી પહેરતા હોય છે. વર્ષો પહેલા પરણિત ગુજરાતી સ્ત્રી માથે લાલ કંકુનો ચાંદલો કરતી પણ આધુનિક સમયમાં તે ફેશનમાં ન હોવાથી તેનો પ્રસંગો સિવાય કયારેક ઉપયોગ થતો નથી, આજે સ્ટીકર બિંદીનો ઉપયોગ થાય છે જે અલગ અલગ આકાર અને રંગોમાં મળે છે. ગુજરાતનું એક પ્રસિધ્ધ પહેરવેશ ધોતી ગાંધીજી દ્વારા પ્રસિધ્ધ થયેલું છે.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

## અમેરિકામાં સૌથી વધુ બોલાતી ભારતીય ભાષાઓમાં બીજા ક્રમે ગુજરાતી આવે છે

**ગુર્જરદેશ અને ગુર્જરત્તા નામ પણ મળ્યાં હતા...**

ગુજરાત પર જમીન તથા દરિયાઈ માર્ગે અનેક પ્રજાઓ આવીને ચઢાઈ કરી અને વસી છે, જેમાં શક, હૂણ, આરબ, મુગલ, પારસી, વલંદા, બ્રિટીશ વગેરેનો સમાવેશ થાય છે. આ બધી જ પ્રજાઓની અસર ગુજરાતી ભાષાના વિકાસ દરમ્યાન જોવા મળે છે. ઈતિહાસકારોના જણાવ્યા મુજબ, ઈ.સ પૂર્વે ૬૪૦મી સદીમાં ચાઈનીઝ પ્રવાસી હયુ-એન-સેંગ ના પ્રવાસ વર્ણનમાં ગુજરાતને ગુર્જરદેશ તરીકે ઓળખ્યો હતો. રાજા ભોજ ના સરસ્વતી કંઠાભરણમમાં ગુજરત્તા એવો શબ્દ પ્રયોગ થયેલો છે. ૧લી મે ૧૯૬૦માં દ્વિભાષી મુંબઈ (મહારાષ્ટ્ર) ના ભાગલા થયાં ત્યારે ગુજરાત અગલ પડ્યું હતું ત્યારે ગુજરાતી ભાષાને રાજ્યની ઓફિશિયલ લેંગ્વેજ તરીકે દરજ્જો આપવામાં આવ્યો હતો. ગુજરાતી ભાષાને પોતાની લિપિ છે જે ગુજરાતી તરીકે ઓળખાય છે અને તે દેવનાગરી પરથી ઉતરી આવેલ છે. ગુજરાતી ભાષાના મૂળાક્ષરો ખૂબજ પદ્ધતિસર ગોઠવાયેલા છે. જેમાં ૩૩ વ્યંજનો અને ૮ સ્વરો છે. વૈદિક કાળમાં ગુજરાતને આનર્ત દેશ તરીકે ઓળખવામાં આવતો હતો. સોમનાથ મંદિર, ગિરનાર પર્વતનો પૌરાણિક વાર્તાઓમાં ઘણો ઉલ્લેખ જોવા મળે છે. તે સમયે સરસ્વતી નદી પણ કદાચ ગુજરાત સુધી વહેતી હશે. મહાભારત દરિમયાન કૃષ્ણએ ગુજરાતના પશ્ચિમ કિનારા પર દ્વારિકા નગરી વસાવી હતી. પાંડવો જે વિરાટ નગરીમાં અજ્ઞાતવાસમાં રહેલા તે વિરાટ નગરી પણ આજના કચ્છ પ્રદેશમાં આવી હશે તેવું મનાય છે. યાજ્ઞવલ્કય ઋષિ નર્મદાના કિનારાના પ્રદેશમાં રહેતા હતા. ૧૫મી સદી જેવા પ્રારંભિક યુરોપિયન પ્રવાસી લ્યુડોવિકો દી વર્થેમાએ ગુજરાતનો પ્રવાસ કરી લખ્યું હતું કે એવા કેટલાક લોકો દુનિયામાં છે કે જેમાં લોહી હોય તેવું કશું જ તેઓ ખાતા નથી, ક્યારેય કોઈ જીવિત વસ્તુને મારતા નથી.






## વિશ્વના વિવિધ દેશોમાં વસતા ભારતીયોમાં સૌથી વધુ ૩૩ ટકા ગુજરાતીઓ છે

**ભારતની આઝાદી પછીનું ગુજરાત...**

૧૯૪૭માં ભારતને આઝાદી મળી અને ભારતના ભાગલા પછી ભારત સરકારે ગુજરાતના રજવાડાંઓનું ત્રણ ભાગમાં વિભાજન કર્યું. કચ્છ, સૌરાષ્ટ્ર અને બૃહદ મુંબઈ રાજ્ય. સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડ દ્વીપકલ્પના તમામ રજવાડાંઓને ભેગા કરવામાં આવ્યા હતાં, જ્યારે મુંબઈ રાજમાં મોટાભાગના પશ્ચિમી અને મધ્ય ભારતનો સમાવેશ થયો હતો. સ્વતંત્રતા પછી ઈ.સ. ૧૯૪૮માં મહાગુજરાત સંમેલન થયું જેમાં ગુજરાતી બોલનાર વસ્તી ધરાવતા વિસ્તારે પોતાના અલગ રાજ્યની માંગ કરી હતી. ૧૯૫૬માં મુંબઈ રાજ્યમાં કચ્છ અને સૌરાષ્ટ્ર નો, તથા હૈદરાબાદ અને મધ્ય પ્રદેશ રાજ્યોના કેટલાક ભાગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નવા મુંબઈ રાજ્યના ઉત્તર ભાગમાં લોકો ગુજરાતી બોલતા હતા, જ્યારે બાકીના ભાગની ભાષા મરાઠી હતી. અંતે ૧લી મે ૧૯૬૦માં અલગ ગુજરાતની રચના કરવામાં આવી હતી.

**વિશ્વના ૧૨૯ દેશોમાં ગુજરાતીઓ વસે છે...**

વિદેશમાં ગુજરાતીઓની વસ્તી વધી રહી છે, સંયુક્ત રાષ્ટ્રમાં નોંધાયેલા ૧૯૦ દેશોમાંથી ૧૨૯ દેશોમાં ગુજરાતી પ્રજા રહે છે. વિદેશમાં વસતાં ત્રણ કરોડ ભારતીયોમાં ૯૮ લાખ ગુજરાતીઓ સૌથી આગળ છે. વિશ્વ ગુજરાતી સમાજે જાહેર કર્યું છે કે, વિદેશમાં વસતા ભારતીયોમાં સૌથી વધુ ૩૩ ટકા ગુજરાતની પ્રજા છે. ગુજરાતીઓએ વિદેશ ખેડવાનો પ્રારંભ આફ્રિકાથી કર્યો હતો. વિદેશી ગુજરાતીઓ પાસે ૭૫ લાખ કરોડ રૂપિયાથી વધુ ધન છે તથા ભારતના અબજોપતિઓની યાદીમાં સૌથી વધુ એટલે કે ૫૮ ગુજરાતી છે. દુનિયાભરના દેશોમાં ગુજરાતના 'પટેલ' ફેલાયેલા છે. સમગ્ર વિશ્વમાં ૫ લાખ જેટલા પટેલ જુદા-જુદા દેશોમાં વસે છે. યુએસ-યુકેમાં ગુજરાતીઓની સંખ્યા ૨.૯૨ લાખ છે. આ દેશોમાં સૌથી પોપ્યુલર સરનેમમાં ૧૪૦ ક્રમે પટેલ છે. પટેલ અટક ધરાવતા સૌથી વધુ ૧.૫૦ લાખ લોકો અમેરિકામાં અને એટલા જ બ્રિટનમાં રહે છે. ભારતની કુલ વસ્તીમાં ગુજરાતીઓનું પ્રમાણ ૬% છે, અમેરિકાના કુલ ભારતીયોમાં ૨૦% ગુજરાતી છે. અમેરિકામાં ૯.૨૭ લાખ ગુજરાતીઓ વસે છે. અમેરિકામાં છેલ્લા દસ વર્ષમાં ગુજરાતી બોલનારા લોકોની સંખ્યામાં ૨૬% નો વધારો થયો છે. ગૌરવની બાબત એવી છે કે અમેરિકામાં સૌથી વધુ બોલાતી ભારતીય ભાષાઓમાં બીજા ક્રમે ગુજરાતી છે.

**અમેરિકાના ગુજરાતી પાસે ૧૭૦૦૦ મોટલ છે...**

આંકડા સ્પષ્ટ છે કે આખા અમેરિકામાં ગુજરાતીઓની વસતી ૧૫ લાખ કરતાં વધારે છે જે પૈકી ૩.૫૦ લાખ લોકો પ્રથમ લેંગ્વેજ તરીકે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે. અમેરિકામાં ૧૭૦૦૦ મોટેલ અને ૧૨૦૦૦ દવાની દુકાનો ગુજરાતીઓની માલિકીની છે. ૧૯૪૦માં અમેરિકામાં મૂળ દક્ષિણ ગુજરાતના કાનજી પટેલે મોટેલ શરૂ કરી હતી. ૪૦ ટકા મોટેલ ગુજરાતીઓની છે. ૧૯૭૨માં યુગાન્ડામાંથી ખાલી હાથ અમેરિકા ગયા અને ત્યાં સમૃદ્ધ બન્યાં હતા. ન્યૂયોર્ક ટાઈમ્સના એક લેખ મુજબ ૧૯૧૦ પછી મોટી સંખ્યામાં ભારતીયોએ અમેરિકા આવવાનું શરૂ કર્યું હતું. રાજકારણ, વેપાર-ઉદ્યોગથી લઈને કળા-સાહિત્ય સુધીના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતીઓનો ડંકો છે. દુનિયામાં પ્રવાસીઓ દ્વારા પોતાના દેશમાં ધન મોકલવાના મામલામાં ભારતીયો સૌથી આગળ છે. ૨૦૧૮માં પ્રવાસી ભારતીયો દ્વારા ભારતમાં કુલ ૭૯ અબજ ડોલર મોકલવામાં આવ્યા છે. એવું કહેવાય છે કે વિશ્વના દેશોમાં વસતો દર ત્રીજો ભારતીય ગુજરાતી છે.

**અમેરિકાના પહેલા પ્રેસિડેન્ટ ગુજરાત આવે છે...**

ડોનાલ્ડ ટ્રમ્પ એક એવા અમેરિકન પ્રેસિડેન્ટ છે કે જેઓ સૌ પ્રથમવાર ગુજરાત આવે છે. અત્યાર સુધીના અમેરિકાના તમામ પ્રેસિડેન્ટ પૈકી એકપણ પ્રેસિડેન્ટ ગુજરાત આવ્યા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪મી ફેબ્રુઆરીએ અમેરિકન પ્રેસિડેન્ટ અને ફર્સ્ટ લેડી ઓફ અમેરિકાને ગુજરાતના અમદાવાદમાં સત્કાર કરશે. મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પ માટે વિશ્વના સૌથી મોટા મોટેરા સ્ટેડીયમમાં 'કેમ છો ટ્રમ્પ' નામનો કાર્યક્રમ આયોજીત કર્યો છે જેમાં ૧.૨૫ લાખ લોકો અમેરિકન પ્રેસિડેન્ટનું સ્વાગત કરશે. તેઓ અમેરિકાના પહેલા પ્રેસિડેન્ટ હશે કે જેઓ મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમમાં ઉપસ્થિત રહેશે. રાજકીય તજજ્ઞો કહે છે કે ટ્રમ્પની ભારતયાત્રા તેમને અમેરિકાના પ્રેસિડેન્ટની ચૂંટણીમાં ભવ્ય વિજયી બનાવશે.